# 32

**રાજ્યમાં પશુચિકિત્સા વર્ગ–૨ ની જગ્યાઓ**

***15/4/1174:- શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર(ચાણસ્મા):** ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯–૦૩–૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૫૧૯ (અગ્રતા–૫૮)ના અનુસંધાને **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં પશુપાલન ચિકિત્સા અધિકારી વર્ગ–૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૪૪૧ જગ્યાઓ ખાલી હતી તે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન હતું અને આ ૧૦ વર્ષીય કેલેન્ડરની અવધિ વર્ષ–૨૦૨૩માં પૂર્ણ થાય છે તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, | (૧) ૩૧ |
| (૨) ઉક્ત ભરવામાં આવેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવી, | (૨) ૩૧ |
| (૩) ઉક્ત સીધી ભરતીથી ભરવામાં આવતી જગ્યાઓમાં કેટલું માસિક વેતન આપવામાં આવે છે. | (૩) ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો,૨૦૧૬ મુજબ પે મેટ્રીક્ષ માં  લેવલ –૮, ( રૂ.૪૪૯૦૦–૧૪૨૪૦૦) તથા અન્ય ભથ્થાઓ. |
| (૪) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૪) ૪૨૦ |
| (૫) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૫) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર ભરવાપાત્ર ખાલી જગાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. |

........................................................................................................................